# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 15/07/2026** **Morning : 7.10 to 7.20**

**Day: WEDNESDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **સંસ્કૃતિ ભુંડીયા** વાંચે છે.

---

1. **ધોલેરા આંતર-રાષ્ટ્રીય ગ્રીનફિલ્ડ વિમાનમથકનું બાકીનું કામ ત્રણ મહિનામાં પૂર્ણ કરીને વિમાન સેવાઓ શરૂ કરાશે.**
2. **ત્રિભુવન સહકાર યુનિવર્સિટીના ઉત્તિર્ણ વિદ્યાર્થીઓ વિશ્વભરમાં સહકાર પ્રતિનિધિઓ તરીકે કાર્ય કરશે તેવો વિશ્વાસ વ્યક્ત કરતાં કૃષિ મંત્રી.**
3. **આજે કેબિનેટની બેઠકમાં વરસાદની સ્થિતિ, રથયાત્રાની તૈયારીઓ સહિતના મુદ્દે ચર્ચા.**
4. **સલામતીના લોખંડી બંદોબસ્ત વચ્ચે ભગવાન જગન્નાથ આવતીકાલે નગરચર્યાએ નીકળશે.**
5. **પ્રથમ એકદિવસીય મેચમાં ભારતે ઇંગ્લેંડને છ વિકેટે હરાવ્યું.**

--------------------------------------------------------------------------------

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ 7 વાગીને 45 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો..**

# DHOLERA RAM NAIDU

ધોલેરા ઈન્ટરનેશનલ ગ્રીનફિલ્ડ એરપોર્ટની કામગીરી લગભગ 80 ટકા પૂર્ણ થઈ છે અને આગામી ત્રણ મહિનામાં બાકીનું કામ પૂરું કરી વિમાન સેવાઓ શરૂ કરી દેવાશે. કેન્દ્રીય નાગરિક ઉડ્ડયન મંત્રી કે. રામ મોહન નાયડુએ ગઇકાલે ધોલેરા ઈન્ટરનેશનલ એરપોર્ટ પ્રોજેક્ટની પ્રગતિની સમીક્ષા કર્યા બાદ પત્રકારો સાથેની વાતચીતમાં આ જાહેરાત કરી હતી.

## (BYTE: RAM MOHAN NAIDU)

મંત્રીએ એ પણ જાહેરાત કરી હતી કે વડોદરામાં એરબસના સહયોગથી બનેલા સંરક્ષણ ક્ષેત્રના પ્રથમ 'મેડ ઇન ઇન્ડિયા' C-295 વિમાનના મેન્ટેનન્સ, રિપેર માટે આ એરપોર્ટ પર ખાસ હેંગર્સ બનાવાશે.

# ANAND TRIBHUVAN UNI CONVOCATION

આણંદ સ્થિત ત્રિભુવન સહકારી યુનિવર્સિટીના પ્રથમ દીક્ષાંત સમારોહમાં કેન્દ્રીય સહકાર રાજ્ય મંત્રી મુરલીધર મોહોલએ જણાવ્યું હતું કે, કૃષિ, ડેરી, બેંકિંગ, મત્સ્યોદ્યોગ અને સંલગ્ન ક્ષેત્રોમાં થઈ રહેલા સુધારાઓ તથા વિસ્તરણને કારણે સહકારી ક્ષેત્રમાં ઝડપથી પરિવર્તન આવી રહ્યું છે. એનડીડીબી કેમ્પસમાં યોજાયેલા દીક્ષાંત સમારોહમાં કુલ 304 વિદ્યાર્થીને ડિગ્રી એનાયત કરવામાં આવી હતી. આ પ્રસંગે ઉપસ્થિત રાજ્યના કૃષિમંત્રી જીતુ વાઘાણીએ જણાવ્યું હતું કે અહીંથી ઉત્તિર્ણ થયેલા વિદ્યાર્થીઓ વિશ્વભરમાં સહકાર ક્ષેત્રના પ્રતિનિધિ સ્વરૂપે કામગીરી બજાવશે.

**(BYTE - JITU VAGHANI, AGRICULTURE MINISTER)**

બીજીતરફ ત્રિભુવન સહકારી યુનિવર્સિટીમાં એમબીએ રુરલ મેનેજમેન્ટની સ્નાતક થનારી બેચનું 100 ટકા પ્લેસમેન્ટ થયું છે પ્લેસમેન્ટ પ્રક્રિયામાં 135 સંસ્થાઓ અને કંપનીએ ભાગ લીધો હતો, જેમાંથી 83 ભરતી કરનારાએ કુલ 383 ઑફર આપ્યા ઉપરાંત, વિદ્યાર્થીઓને પ્રી-પ્લેસમેન્ટની 13 ઑફર પણ મળી હતી. ત્રિભુવન સહકારી યુનિવર્સિટીમાં ઇરમાની ચાલુ વર્ષે બેચને ઓફર કરવામાં આવેલું વાર્ષિક સરેરાશ પેકેજ રૂ.**16.34** લાખ રહ્યું હતું, જે અગાઉના વર્ષની સરખામણીએ **3.94** ટકા વધુ છે.

# CABINET

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં આજે સવારે 10 વાગે મળશે કેબિનેટ બેઠક મળશે. જેમાં રથયાત્રાની તૈયારીઓ રાજ્યભરમાં નીકળનારી રથયાત્રાની સુરક્ષા અને અમદાવાદ શહેરમાં થયેલી વ્યવસ્થા, રાજ્યમાં વરસાદની સ્થિતિ, વરસાદ બાદ થયેલા નુકશાન અને સહાય બાબતે સમીક્ષા થશે, રાજ્ય સરકારના આગામી આયોજનો અને નીતિગત વિષયો પર ચર્ચા થવાની સંભાવના છે.

# PM - MANN KI BAAT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી 26 જુલાઈના રોજ આકાશવાણી પર મન કી બાત કાર્યક્રમમાં દેશ અને વિદેશના લોકો સમક્ષ પોતાના વિચારો રજૂ કરશે. આ માસિક રેડિયો કાર્યક્રમની 136મી કડી હશે.

નાગરિકો ટોલ-ફ્રી નંબર 1800-11-7800 દ્વારા કાર્યક્રમ માટે પોતાના વિચારો અને સૂચનો મોકલી શકે છે. તેઓ નરેન્દ્ર મોદી એપ અથવા MyGov ઓપન ફોરમ દ્વારા ઓનલાઈન પણ પોતાનો અભિપ્રાય મોકલી શકે છે. નાગરિકો 1922 પર મિસ્ડ કોલ પણ આપી શકે છે અને SMSમાં મળેલી લિંકને અનુસરીને સીધા પ્રધાનમંત્રીને પોતાના સૂચનો મોકલી શકે છે. આ કડી માટે સૂચનો આ મહિનાની 24મી તારીખ સુધી મોકલી શકાશે.

# AHMEDABAD RATHYATRA SECURITY HARSH SANGHVI

**સલામતીની લાખંડી વ્યવસ્થા વચ્ચે ભગવાન જગન્નાથ અષાઢી બીજના પાવન પર્વ પર નગરચર્યાએ નિકળશે તેમ નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ** જણાવ્યુ હતું. રથયાત્રાના રૂટનું નિરીક્ષણ કરતાં નાયબ મુખ્યમંત્રીએ સલામતીની વ્યવસ્થાના તમામ પાંસાઓની ચર્ચા કરી હતી તેમજ ઉચ્ચ પોલીસ અધિકારીઓને જરૂરી સૂચનો કર્યાં હતા.

**16.2** કિલોમીટર લાંબા પરંપરાગત રથયાત્રા રૂટ પર **3** મુખ્ય રથો સાથે **18** ગજરાજ, **103** ટ્રક અને **30** અખાડા જોડાશે જ્યારે સુરક્ષા માટે સમગ્ર રૂટ **26** રેન્જ અને 1 હજાર 397 પોઇન્ટ્સમાં વિભાજીત; **10** આઇજી/ડીઆઇજી સહિત **30** હજારથી વધુ પોલીસ જવાનો તૈનાત રહેશે. આ વર્ષે રથયાત્રાની સલામતી માટે આધુનિક ટેકનોલોજીનો સમન્વય સાધવામાં આવ્યું હોવાનું શ્રી સંઘવીએ જણાવ્યુ હતું.

**(BYTE - HARSH SANGHAVI, DEPUTY CHIEF MINISTER)**

# MID BREAK- NEWS- REGIONAL

**આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.**

ગોન્ગ મ્યુઝિક

....................................

ડેસ્ક

# ANTY DROWN SYSTEM

અમદાવાદની રથયાત્રા દરમિયાન **100**થી વધુ ડ્રોન દ્વારા લાઈવ સર્વેલન્સ, હાથીઓની દેખરેખ માટે **GPS**, સીસીટીવી અને ડેસિબલ મીટર, બોડી વોર્ન કેમેરા, હાઇટેક વાયરલેસ સિસ્ટમ, એઆઈ વોઇસ બોટ, એન્ટી-ડ્રોન ગન તથા શંકાસ્પદ તત્વો અને ગુનેગારોને ઝડપવા '**AI** ફેસ રેકગ્નિશન કેમેરા' જેવી ટેકનોલોજીનો ઉપયોગ કરાશે. આ સિસ્ટમનું ગઇકાલે નિદર્શન કરાયું હતું. ડ્રોન અંગેની માહિતી આપતા અમદાવાદ ક્રાઇમ બ્રાંચના અધિકારીએ કહ્યું હતું કે જો કોઇ નોંધણી વિનાનું ડ્રોન ઉડતું નજરે પડશે તો તેને તોડી પડાશે.

**(BYTE – FEMALE OFFICER, CRIME BRANCH, AHMEDABAD)**

## CRICKET

ક્રિકેટમાં, ભારતે ગઈકાલે પ્રથમ એક દિવસીય મેચમાં ઇંગ્લેન્ડને છ વિકેટથી હરાવ્યું. બર્મિંગહામના એજબેસ્ટન ખાતે રમાયેલી મેચમાં ઇંગ્લેન્ડે ટોસ જીતી પ્રથમ બેટિંગ કરતા 258 રન બનાવ્યા. જેમાં સૌથી વધુ જો રૂટે 76 અને લિયામ ડોસને 68 રન બનાવ્યા. જવાબમાં ભારતે 45 ઓવર અને બે બોલમાં ચાર વિકેટ ગુમાવીને 262 રન બનાવીને લક્ષ્ય હાંસલ કર્યું. કેપ્ટન શુભમન ગિલે સૌથી વધુ 80, જ્યારે અક્ષર પટેલે અણનમ 57 અને વોશિંગ્ટન સુંદરે અણનમ 52 રન બનાવ્યા. ભારત તરફથી અક્ષર પટેલે ચાર વિકેટ ઝડપી અને તેમને પ્લેયર ઓફ ધ મેચ જાહેર કરવામાં આવ્યા. ત્રણ મેચની શ્રેણીની બીજી મેચ આવતીકાલે કાર્ડિફમાં રમાશે.

# WEATHER

રાજ્યમાં આગામી 7 દિવસ સામાન્ય થી મધ્યમ વરસાદ વરસે તેવી આગાહી કરવામાં આવી છે. હાલ કોઈ મજબૂત સિસ્ટમ સક્રિય નથી જેના કારણે ભારે વરસાદ થાય તેવી કોઇ શક્યતા નથી તેમ હવામાન વિભાગના વડા ડોક્ટર એ કે દાસે જણાવ્યું હતું.

જ્યારે રાજ્યમાં આજે સવારે છ વાગે પૂરા થતાં છેલ્લાચોવીસ કલાક દરમિયાન સુરત, સાબરકાંઠા કચ્છ, તાપી સહિતના જીલ્લાના 17 તાલુકાઓમાં સામાન્ય વરસાદ વરસ્યો હતો.

# BRIBE - BHARUCH

ભરૂચ જિલ્લાના પાનોલી પોલીસ સ્ટેશનના ત્રણ પોલીસકર્મીઓ લાંચ લેતા રંગેહાથ ઝડપાયા છે. તેમના પર મોબાઇલ પરત આપવા 3 લાખની લાંચ લેવાનો આરોપ હતો. ACBએ પાનોલી પોલીસ સ્ટેશન સામે આવેલા 'ડી' સ્ટાફની ચેમ્બરમાં ટ્રેપ ગોઠવીને ત્રણેય પોલીસકર્મીઓને પ્રથમ હપ્તાના 1 લાખ રૂપિયા લેતા રંગેહાથ ઝડપ્યા હતા. ACBએ ત્રણેય પોલીસકર્મીઓ સામે ગુણો નોંધીને કાર્યવાહી શરૂ કરી છે.

# KUTCH - BETHAK

કચ્છ જિલ્લામાં જિલ્લા કલેક્ટર અનિલ રાણાવસિયાના અધ્યક્ષસ્થાને ચાલુ વર્ષ દરમિયાન સંભવિત ઘાસની અછત અંગે સમીક્ષા બેઠક યોજાઈ. બેઠકમાં જિલ્લામાં હજુ સુધી નોંધપાત્ર વરસાદ ન થતાં સંભવિત ઘાસની અછતની સ્થિતિને પહોંચી વળવા માટે પૂર્વ તૈયારી, વિવિધ વિભાગો વચ્ચે સંકલન તેમજ જરૂરી આયોજન અંગે ચર્ચા-વિચારણા કરવામાં આવી. કલેક્ટર દ્વારા ઘાસચારાની ઉપલબ્ધતા, વિતરણ વ્યવસ્થા તેમજ પશુપાલકોને બનાવી આપવામાં આવતા 'ઘાસકાર્ડ' અંગેની જોગવાઈઓનું  માર્ગદર્શન પુરૂ પાડવામાં આવ્યું.

# AMC YHONK PILOT PROJECT

અમદાવાદ શહેરમાં વાહનોના હોર્નના વધુ પડતા ઉપયોગથી સર્જાતા અવાજ પ્રદૂષણને નિયંત્રિત કરવા અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા નવીન ટેક્નોલોજી આધારિત પાયલોટ પ્રોજેક્ટનો પ્રારંભ કરવામાં આવ્યો છે.આ પ્રોજેક્ટ અંતર્ગત એક ખાનગી કંપની દ્વારા વિકસિત **IoT** આધારિત **YHonk** ડિવાઇસ પસંદગીના વાહનોમાં સ્થાપિત કરવામાં આવશે. ડિવાઇસમાં સમાવિષ્ટ સ્માર્ટ નોઇઝ સેન્સરની મદદથી વાહનના હોર્નના ઉપયોગ અંગેનો ડેટા એકત્રિત કરવામાં આવશે તેમજ તેનું વિશ્લેષણ કરવામાં આવશે.

# SVIP ACCREDATION

અમદાવાદ સ્થિત એસવીપીઆઈ એરપોર્ટને ગ્રાહક અનુભવ ક્ષેત્રે પ્રતિષ્ઠિત એરપોર્ટ કસ્ટમર એક્સપીરિયન્સ લેવલ-5 એક્રેડિટેશન પ્રાપ્ત થયું છે. આ સન્માન મેળવનારુ ભારતનું ત્રીજું એરપોર્ટ બન્યું છે. મુસાફરોને તેમની સમગ્ર યાત્રા દરમિયાન શ્રેષ્ઠ, સુવિધાસભર અને ગ્રાહકકેન્દ્રિત અનુભવ પ્રદાન કરવાની એરપોર્ટની સતત પ્રતિબદ્ધતાને દર્શાવે છે.

આ એક્રેડિટેશન માટે ગ્રાહક સમજ, વ્યૂહરચના, માપદંડો, ગવર્નન્સ, એરપોર્ટ સંસ્કૃતિ, સેવા ડિઝાઇન અને નવીનતા તેમજ એરપોર્ટ સમુદાય સાથેના સહયોગ જેવા અનેક માપદંડોનું મૂલ્યાંકન કરવામાં આવ્યા બાદ એક્રેડેશન આપવામાં આવ્યું છે.

# THEFT - ARAVALLI

અરવલ્લી જિલ્લા લોકલ ક્રાઈમ બ્રાન્ચની ટીમે એક વાહન ચોરને ઝડપીને 9 બાઈક કબજે કરી છે. જ્યારે ફરાર આરોપીને પકડવા માટે તજવીજ હાથ ધરી છે. ઉલ્લેખનીય છે કે, અમદાવાદ, સાબરકાંઠા અને અરવલ્લીના અલગ અલગ વિસ્તારોમાંથી બાઇક ચોરી કરીને રાજસ્થાનમાં વેચવામાં આવતી હતી.

# RAJKOT – LOKMELO

રાજકોટમાં લોકમેળા અમલીકરણ સમિતિ દ્વારા **2** થી **6** સપ્ટેમ્બર સુધી પાંચ દિવસીય લોકમેળાનું આયોજન કરવામાં આવ્યું છે. જે અંતર્ગત જન્માષ્ટમીના લોકમેળામાં સ્ટોલ, પ્લોટ માટેની અરજી, ડ્રો તથા હરાજીનો કાર્યક્રમ જાહેર કરાયો છે. શહેરમાં રેસકોર્સ મેદાન ખાતે યોજાનાર આ મેળામાં સ્ટોલ, પ્લોટ માટે ફોર્મ ભરવા ઇચ્છતાં અરજદારો **20**થી **28** જુલાઈ સુધી અરજી કરી શકશે. જેનો ડ્રો અને હરાજી **1** થી **6** ઓગસ્ટ દરમિયાન થશે.